**આંક–૦૬**
દાખલ તારીખ– ૨૭/૦૫/૨૦૨૬
રજી. તારીખ – ૨૭/૦૫/૨૦૨૬
ફેસલ તારીખ – ૦૧/૦૬/૨૦૨૬
અવધિ– વર્ષ માસ દિવસ
– – ૦૫

---

# દાહોદ જીલ્લાની એડિશ્નલ સેશન્સ એન્ડ સ્પે.(પોક્સો) કોર્ટ, મુ.લીમખેડા, જી.દાહોદ.

---

**ફોજદારી પરચુ. અરજી નં.૧૬૫/૨૦૨૬**

કલ્પેશકુમાર છત્રસિંહ ગમાર

ઉ.વ.આ.૨૧, ધંધો–ખેતી/મજુરી,

રહે.રાઠવાના મુવાડા, ગમાર ફળીયા, તા.દે.બારીયા, જી.દાહોદ.

**.......અરજદાર**

**વિરુદ્ધ**

શ્રી સરકાર

**......સામાવાળા**

**બાબત – ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.**

---

**અરજદાર/આરોપી તર્ફે – વિ.વકીલશ્રી આર.વી.વણકર**

**સરકારશ્રી તર્ફે – વિ.એ.પી.પી.શ્રી એસ.બી.ચૌહાણ**

---

**– ચુ કા દો –**

(૧) અરજદારે હાલની આ અરજી બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ મુજબ રજુ કરી તેઓને સાગટાળા પોલીસ સ્ટેશન પાર્ટ-એ. ગુના રજી. નં.૧૧૮૨૧૦૫૦૨૬૦૪૨૪/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨-એમ) તથા પોક્સો એક્ટની કલમ-૪, ૬, ૧૭ મુજબના ગુનાના કામે અરજીમાં જણાવ્યા મુજબના જુદા-જુદા કારણોસર નિયમીત જામીન મુકત કરવા વિનંતી કરેલ છે.

(૨) અરજદારની અરજી વંચાણે લીધી. ત.ક.અમદારનું આંક-૫ નું સોગંદનામું વંચાણે લીધું. બન્ને પક્ષકારોના વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવી.

(૩) અરજદાર તર્ફેના વિ.વકીલશ્રી આર.વી.વણકરનાએ ભારપૂર્વક રજુઆત કરેલ છે કે અરજદાર તા.૨૫/૦૫/૨૦૨૬ ના રોજ ધરપકડ થયેલ ત્યારથી કસ્ટડીમાં છે. અરજદાર તદ્દન નિર્દોષ છે અને કહેવાતા ગુનામાં ખોટી રીતે સંડોવી દીધા છે. અરજદાર અને ભોગ બનનારને પ્રેમ સંબંધ છે. અરજદારે ભોગ બનનારનું કોઈ અપહરણ કરેલ નથી કે તેણીની સાથે કોઈ દુષ્કર્મ કરેલ નથી. અરજદારની આ પ્રથમ જામીન અરજી છે. અરજદાર કુટુંબના કમાનાર એકમાત્ર વ્યકિત છે. સ્થાનીક રહીશ છે. નાસીભાગી જાય તેવા નથી. આ અદાલત ફરમાવે તે શરતોનું પાલન કરવા સંમત હોવાનું જણાવી અરજદારને જામીનમુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) વિ.એ.પી.પી.શ્રી એસ.બી.ચૌહાણનાએ ભારપૂર્વક જણાવેલ છે કે બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૭ વર્ષ ૫ માસની હતી તેને પટાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદાથી અરજદારને લઈ ગયેલ છે અને તેની સાથે અવારનવાર દુષ્કર્મ કરેલ છે. અરજદાર વિરુદ્ધ પ્રથમદર્શનીય ગુનો છે. આ ગુનાની તપાસ ચાલુ છે. અરજદારને જામીન ઉપર મુક્ત કરવામાં આવે તો સાહેદો સાથે ચેડા થવાની શક્યતા રહેલી છે વિગેરે હકીકતો જણાવી અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

(૫) મુળ ફરિયાદીને ધોરણસર નોટીસની બજવણી થતા અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલા છે અને અરજદારને જામીન ઉપર મુક્ત કરવામાં આવે તો ફરીથી આવા પ્રકારનો ગુનો કરે તેમ હોય જામીન અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

(૬) ફરિયાદી કે જેઓ ભોગ બનનારના પિતા છે. તેઓએ તા.૦૭/૦૪/૨૦૨૬ ના રોજ સાગટાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી છે જેની ટુંક હકીકત એવા પ્રકારની છે કે તેમની ભોગ બનનાર છોકરીની જન્મ તારીખ તા.૧૫/૧૦/૨૦૦૮ ની છે જેની ઉંમર ૧૭ વર્ષ અને ૫ માસની છે. ગઈ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ સાંજના આશરે આઠેક વાગ્યે તેઓ તથા તેમની ઘરના તમામ સભ્યો જમી પરવારી સુઈ ગયેલા અને રાત્રીના આશરે ત્રણેક વાગ્યાના સુમારે તેઓ ઘરની બહાર પેશાબ કરવા માટે નીકળેલ હતા ત્યારે ભોગ બનનારને તેના ખાટલામાં જોયેલ ન હોય તેની પત્નીને જગાડી આ બાબતે વાત કરી છોકરીની આજુબાજુ તેમજ ખેતરો બાજુ શોધખોળ તપાસ કરતા મળી આવેલ નહી અને સવાર સુધી ક્યાંક ગયેલ હશે તો આવી જશે તેમ વિચારી રાહ જોયેલ પરંતુ આવેલ ન હોય ગામ આગોવાનો તથા સગા સંબંધીઓ વાત કરી તપાસ કરતા વાતોવાતથી માહિતી મળેલ કે તેમની સગીર વયની છોકરીને રાઠવાના મુવાડા ગામે રહેતો કલ્પેશભાઈ(અરજદાર) તેની પત્ની તરીકે રાખવા સારુ અપહરણ કરીને લઈ ગયેલ છે જેથી તેના ઘરે જઈ તપાસ કરતા મળી આવેલ નહી અને તેના ઘરના સગા સંબંધીઓને વાત કરી છોકરી સોંપી દેવા વાત કરેલ જેથી શોધખોળ કરી મળી આવ્યેથી પરત સોંપી દેવાનું જણાવેલ જેથી જે તે વખતે ફરિયાદ કરેલ નહી પરંતુ ત્યારબાદ આજદિન સુધી ભોગ બનનારને પરત સોંપેલ ના હોય હાલની ફરિયાદ આપેલ છે.

(૭) ત.ક.અમલદારે તેઓની તપાસ દરમ્યાન તા.૨૫/૦૫/ ૨૦૨૬ ના રોજ ભોગ બનનારનું નિવેદન લીધેલું છે જેમાં તેણીએ એવી

હકીકત લખાવેલી છે કે, "આજથી એકાદ વર્ષ પહેલા અમારા ગામના પાડોશી કુંટુંબી ગામનો તેમનો ભત્રીજો કલ્પેશભાઈ છત્રસીંહ ગમાર(અરજદાર)નાનો વાર તહેવાર તેમજ લગ્ન પ્રસંગમાં આવતો જતો હોય તેની સાથે ઓળખાણ થયેલ હતી અને ધીરે-ધીરે એકબીજાને પ્રેમ કરવા લાગેલ હતા અને કલ્પેશે તેનો મોબાઈલ નંબર આપેલ હોય આ નંબર પર ઘરના કોઈપણ સભ્યના મોબાઈલ વડે ચોરીછુપીથી વાતો કરતી હતી અને કલ્પેશે અવારનવાર આપણે ઘર સંસાર માંડવા માટે ભાગી જવા જણાવતો હોય તેને સમજાવીને ના પાડતી હતી. ગઈ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ કલ્પેશે ફોન કરી મારી જોડે આવતી રે મારે તારા વગર નહી રેવું તેમ જણાવેલ જેથી ગઈ તા.૧૫/૦૩/૨૦૨૬ ના રોજ ઘરના બધા ઉંઘી ગયેલ તે વખતે આ કલ્પેશે બાર વાગ્યા પછી આવજે તેમ જણાવેલ હોય જેથી હું ઘરેથી નીકળી ખેતરોમાં થઈને ચાલતી ચાલતી આ કલ્પેશના ઘરે રાઠવાના મુવાડા ગયેલી હતી. ત્યાંથી વહેલી સવારમા બસમાં બેસી દે.બારીયા આવેલ હતા. ત્યાંથી બસમાં બેસી અગાઉ કલ્પેશ રાજકોટ બાજુ મજુરીકામ કરતો હોય ત્યાં લઈ ગયેલ. ત્યાં રોડની બાજુમાં તાડપત્રી બાંધી છાપરા જેવું બનાવી રહેતા હોય દિવસે બન્ને અલગ-અલગ મજુરીકામે જતા હતા અને રાત્રીના છાપરા પર આવી તાડપત્રી પાથરીને નીચે જોડે ઉંઘી રહેતા હતા. દરમ્યાન આ છોકરો કલ્પેશ મારી જોડે બે-ત્રણ દિવસે રાત્રીના એક-બે વાર શરીર સંબંધ બાંધતો હતો. તે બાદ વીસ-પચ્ચીસ દિવસ બાદ જાણવા મળેલ કે મારા પિતાએ કલ્પેશ વિરુદ્ધ સાગાટાળા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવેલ હોય કલ્પેશના ઘરે આવેલ ત્યારે પોલીસના માણસોએ આવી કલ્પેશને સાગાટાળા પોલીસ સ્ટેશન ખાતે લઈ આવેલ છે. "

(૮) ભોગ બનનારના નિવેદનની વિગતો જોવામાં આવે તો તેણીને અરજદાર સાથે પ્રેમ સંબંધ હોવાનું અને સ્વેચ્છાએ તેની સાથે ગયેલ હોવાનું મળી આવે છે. ભોગ બનનારે તેણીના નિવેદનમાં અરજદારે તેણીની સંમતિ વગર શરીર સંબંધ બાંધેલાનું લખાવ્યું છે પરંતુ જે રીત બનાવ અગાઉથી બન્ને સાથે મળતા હતા, મોબાઈલ ફોન ઉપર ચોરીછુપીથી વાતો કરતા હતા તેમજ એકસાથે રહેવા માટે ચાલી ગયેલ છે અને લાંબા સમય સુધી સાથે રહેલ છે તે

જોતા બન્નેએ સંમતિથી શરીર સંબંધ બાંધેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે.

જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ(પોક્સો)ની જોગવાઈ જોવામાં આવે તો સગીરની સંમતિનું કાયદાકીય રીતે કોઈ મુલ્ય રહેતું નથી.

(૯) આ કામે નામદાર વડી અદાલતના નીચે મુજબના ચુકાદાઓ વંચાણે લેવા જરુરી જણાય છે.

**(૧) નામદાર ગુજરાત વડી અદાલત સમક્ષની ફોજદારી પરચુ. અરજ નં.૬૭૪૫/૨૦૧૬ (હિતેશભાઈ શાંતીચાભાઈ નાચક વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત)**નો નામદાર વડી અદાલતનો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં ભોગ બનનારની ઉંમર ૧૩ વર્ષ અને ૪ માસની હતી પરંતુ ભોગ બનનારને આરોપી સાથે પ્રેમ સંબંધ હોવાનું તેમજ આરોપીની ઉંમર ૧૯ વર્ષની હોવાનું લક્ષમાં લઈ જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવેલા છે.

**(૨) નામદાર ગુજરાત વડી અદાલત સમક્ષની ફોજદારી પરચુ. અરજ નં.૫૭૨૪/૨૦૨૬ (શૈલેષભાઈ રસુભાઈ ડાંગી વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત)**નો નામદાર વડી અદાલતનો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં ભોગ બનનારની ઉંમર ૧૪ વર્ષ હતી પરંતુ આરોપીની ઉંમર ૧૮ વર્ષની હોવાનું અને બન્ને વચ્ચે પ્રેમ સંબંધ હોવાની હકીકતને લક્ષમાં લઈ જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવેલો છે.

(૧૦) પ્રસ્તુત કેસમાં ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબની વિગતે ભોગ બનનાર બનાવ સમયે સગીર વયની હોવાનું જણાય છે. ભોગ બનનારને અરજદાર સાથે પ્રેમ સંબંધ હોવાનું અને સંમતિથી અરજદારની સાથે ચાલ્યા ગયેલ હોવાનું મળી આવે છે. ભોગ બનનાર અને આરોપી જે રીતે લાંબા સમય

સુધી બન્ને સાથે રહેલ છે અને ભોગ બનનાર આરોપી સાથે સ્વેચ્છાએ ગયેલ હોવાનું અને પરસ્પર સંમતીથી શરીર સંબંધ બાંધેલ હોવાનું મળી આવે છે. પ્રસ્તુત કેસમાં ભોગ બનનારની સંમતિ નિરર્થક છે. આમ છતાં અરજદારની ઉંમર ૨૧ વર્ષની છે. ત.ક.અમલદારનું સોગંદનામું વંચાણે લેતા આરોપીનો ગુનાહીત ઈતિહાસ મળી આવતો નથી. ભોગ બનનારે ત.ક.અમલદાર રુબરુના નિવેદનમાં અરજદારે તેણીની સાથે શરીર સંબંધ બાંધેલ હોવાનું લખાવેલ છે પરંતુ ભોગ બનનાર તથા અરજદાર એકબીજાના પ્રેમ સંબંધમાં હોવાનું તેમજ ભોગ બનનાર અરજદારની સાથે તેણીની સ્વેચ્છાએ ગયેલ હોવાનું મળી આવેલ છે. ઉપરોક્ત તમામ સંજોગોને લક્ષમાં લેતા હાલના તબક્કે કેસના ગુણદોષની ચર્ચા કર્યા વિના ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ ની વિવેકાધીન સત્તાનો ઉપયોગ અરજદારની તરફેણમાં કરવો ન્યાયોચીત જણાતું હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

- અરજદાર/આરોપી કલ્પેશકુમાર છત્રસિંહ ગમાર, રહે.રાઠવાના મુવાડા, ગમાર ફળીયા, તા.દે.બારીયા, જી.દાહોદનાઓની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.
- સાગટાળા પોલીસ સ્ટેશન પાર્ટ–એ. ગુના રજી. નં.૧૧૮૨૧૦૫૦૨૬૦૪૨૪/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨–એમ) તથા પોક્સો એક્ટની કલમ–૪, ૬, ૧૭ મુજબના ગુનાના કામે અરજદાર/આરોપી તર્ફે રુ.૧૫,૦૦૦/– (અંકે રુપીયા પંદર હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા આપ્યેથી તેઓને નીચેની શરતોને આધીન બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે જામીનમુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો–**

/૧/ અરજદાર/આરોપીએ ફરિયાદ પક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહી કે સાક્ષી પુરાવા તોડવા ફોડવા પ્રયત્ન કરવો નહી.

/૨/ અરજદાર/આરોપીએ તપાસના કામે સહકાર આપવો અને તપાસ કરનાર અમલદાર જ્યારે બોલાવે ત્યારે હાજર રહેવું.

/૩/ અરજદાર/આરોપીએ ફરીથી આવા પ્રકારના ગુનામાં સંડોવાવું નહી.

/૪/ અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમ્યાન નિયમીત રીતે હાજર રહેવું.

/૫/ અરજદાર/આરોપીએ તેમના રહેણાંકનું પુરુ સરનામું મોબાઈલ નંબર સાથે લેખીત પુરસીસથી સંબંધીત કોર્ટમાં તથા ત.ક.અમલદાર સમક્ષ રજુ કરવું અને હકુમત ધરાવતી કોર્ટની પરવાનગી વગર તેમાં ફેરફાર કરવો નહી.

- જામીન અત્રેની અદાલત સમક્ષ આપવા.

હુકમ આજ તા.૧લી માહે જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૧/૦૬/૨૦૨૬
સ્થળ – લીમખેડા

**(હરેશકુમાર હિંમતલાલ ઠક્કર)**
એડિશ્નલ સેશન્સ એન્ડ સ્પે.(પોક્સો)જજ,દાહોદ
મુ.લીમખેડા, જી.દાહોદ
કોડ નં.જીજે૦૦૫૩૩

આર.બી.સોલંકી